ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૬૬ ટકા

# કોરોનાથી કંટાળેલા ગાંધીનગરાઓ આબુ-ઉદેપુર પહોંચ્યા

ગાંધીનગર, તા.૧૪

છેલ્લા ઘણા દિવસોથી ઘરમાં કેદ રહેતા ગાંધીનગરાઓ કોરોનાનો કહેર ઓછો થતા અને વરસાદી સિઝન શરૂ થતાં ફરવા જઈ રહ્યા છે. આબુ-અંબાજી અને ઉદેપુર સુધી શહેરીજનો ફરવા જઈ રહ્યા છે.

કોરોનાની બીજી લહેર શાંત પડયા બાદ અને રસીકરણનો વ્યાપ વધતા શહેરીજનોએ હરવા ફરવાનો પ્લાન બનાવ્યો છે. હાલમાં શાળાઓ પણ શરૂ થઈ ન હોવાથી ફરવા જવાની અનુકુળતા વધુ છે. માર્ચ-એપ્રિલ માસમાં આંશિક લોકડાઉન અને કોરોનાના વ્યાપક કેસોના કારણે શહેરીજનોએ ઘરોમાં જ રહેવાનું મુનાસિબ માન્યું હતું. ઘરની બહાર નીકળવામાં જોખમ હોઈ લગભગ બેથી અઢી માસ સુધી વસાહતીઓ ઘરમાં બંધ રહ્યા હતા. હવે કોરોનાની બીજી લહેરની અસર સાવ ઓછી થઈ ગઈ છે હવે ધીમે ધીમે લોકો બહાર નીકળતા થયા છે. છેલ્લા કેટલાક દિવસોનો ટ્રેન્ડ જોઈએ તો શહેરીજનો ગાંધીનગરથી નજીક હોય તેવા સ્થળોએ હરવા ફરવા જવાનો પ્લાન બનાવી રહ્યા છે. શહેરની સાવ નજીક આવેલા આબુ, અંબાજી અને ઉદેપુર જેવા સ્થળોની પસંદગી શહેરીજનો વધુ કરી રહ્યા છે. હાલમાં જ વરસાદ શરૂ થયો હોઈ આ વરસાદી માહોલને માણવા માટે શહેરીજનો દક્ષિણ ગુજરાતના જંગલના વિસ્તારો અને દીવ-સાસણની મુલાકાત પણ વધુ લઈ રહ્યા છે પ્રવાસન સ્થળો ઉપરાંત મંદિરો અને આસ્થાના કેન્દ્રો પર પણ વધુ ભીડ જોવા મળી રહી છે. આબુ સુધી જતા પ્રવાસીઓ અંબાજીની મુલાકાત અચુક લે છે તો દક્ષિણ ગુજરાત જતાં પ્રવાસીઓ પાવાગઢની મુલાકાતે જવાનું પસંદ કરે છે. આખે આખુ ફેમીલી કે આખેઆખી સોસાયટી સાથે ફરવા જવાનો પ્લાન કરી રહી છે. કાર જેવા ખાનગી વાહનોનો ઉપયોગ પ્રવાસ માટે વધુ થઈ રહ્યો છે. મધ્ય ગુજરાતમાં આવેલા પ્રવાસન સ્થળો પોઈચા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પણ પ્રવાસીઓને વધુ આકર્ષી રહ્યા છે. પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા હોવા છતાં ઘરમાં પુરાઈને સ્ટ્રેસ અનુભવી રહેલા વસાહતીઓ બહાર હરવા ફરવા જઈ માનસિક તણાવને ઓછો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.




# જન્મદિને વધામણી


અલ્પેશ એમ પ્રજાપતિ


દેવ પ્રજાપતિ


વી.ટી. સોની
મો. ૭૮૭૪૫ ૯૫૩૩૩


આશિષ બ્રહ્મભટ્ટ
મો. ૬૩૫૨૧ ૬૧૯૪૯


સ્નેહાબેન મહેતા
લાયોનેસ કલબ


ક્રિષા ઉમેશ પચોડે
મો. ૯૯૭૯૭ ૭૧૨૯૭


ઓઝા નિકિતાબેન નિસર્ગકુમાર
મો. ૯૬૨૪૬ ૫૮૧૨૨


માનુષ જિતેન્દ્ર ચુડાસમા
મો. ૯૯૭૯૭ ૬૯૯૫૦



જીયાન સજ્જાદહુસેન શેખ


શ્વેતા યોગેશભાઈ પટેલ


મધુબેન દિનેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૬૫૨૬૬

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને કેબોડિયા પોલીસ એકેડમી વચ્ચે હસ્તાક્ષર કરાયા




ગાંધીનગર, તા.૧૪

૧૩ જુલાઈ ૨૦૨૧ના રોજ રક્ષા શકિત યુનિવર્સિટી (આરઆરયુ) અને કંબોડિયા પોલીસ એકેડમી (પીએસી) વચ્ચે તાલીમ, શૈક્ષણિક ઉત્કૃષ્ટતા, તકનીકી અને સંશોધન દ્વારા સલામતી અને પોલીસ ક્ષેત્રમાં કમ્બોડિયા કિંગડમના કાયદા અમલીકરણ અધિકારી, ન્યાયતંત્ર અને સુરક્ષા અધિકારીને મદદ કરવા માટે હસ્તાક્ષર કર્યા હતા. જેમાં કંબોડિયાની પોલીસ એકેડેમીમાંથી એકેડેમીના પ્રમુખ પોલીસ જનરલ પ્રો. સેંગ ફાલ્લીએ જયારે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી તરફથી કુલપતિ પ્રો. બિમલ પટેલે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા.

પોલીસ જનરલ પ્રો. સેંગ ફાલ્લી, એકેડેમીના પ્રમુખે તેમની એકેડેમી માટે સુરક્ષા અને પોલિસીંગ ક્ષેત્રે પડકરો અને સારી પ્રથાઓની આવશ્યકતા, ટેકનોલોજી, ક્ષમતા નિર્માણ, સંશોધન અને તાલીમ વિશે સમજાવ્યું હતું જયારે પ્રો. બિમલ પટેલ-વાઈસ ચાન્સેલર દ્વારા પોલીસ એકેડેમીને ક્ષેત્રોમાં જરૂરી સહાય પુરી પાડવાની ખાતરી આપવામાં આવી હતી. તથા ભારત અને કંબોડિયા વચ્ચેના લાંબા સમયથી ચાલતા દ્વિપક્ષીય સંબંધો પર પણ વાત કરી હતી.

# મનપા વિસ્તારમાં ૧૯૨ બાળકો અને ૮૮ માતાઓનું રસીકરણ કરાયું

ગાંધીનગર, તા.૧૪

રાજ્યમાં માતા-બાળ મૃત્યુ દર ઘટાડવા તથા ગંભીર રોગો સામે તેમને સુરક્ષા કવચ પૂરું પાડવા રાજ્ય સરકાર દ્વારા સઘન મિશન ઈન્દ્રધનુષ રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે આજે ગાંધીનગર મહાનગર પાલિકાના બોરીજ ખાતે, સઘન મિશન ઈન્દ્રધનુષ રસીકરણ અભિયાનના સ્થળની નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મુલાકાત લીધી હતી. આ અભિયાનનો પ્રથમ તબક્કો તારીખ ૧૨ જુલાઈ-૨૦૨૧થી શરૂ કરી દેવામાં આવ્યો છે. જયારે બીજો તબક્કો ૧૭ ઓગસ્ટ-૨૦૨૧થી, અને ત્રીજો તબક્કો ૧૩ સપ્ટેબર ૨૦૨૧થી શરુ કરવામાં આવશે. જેમાં જુલાઈ-૨૦૨૧થી સપ્ટેબર-૨૦૨૧ના અઠવાડિયાના ૭ દિવસ (મમતા દિવસ- બુધવાર, રવિવાર અને રજાના દિવસો સિવાયના દિવસોમાં) સેશન પ્લાન કરી રસીકરણની વ્યવસ્થા કરવામાં આવી છે.

આજે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કુલ- ૧૮ મમતા સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૮૮ માતાઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. તેમજ ૧૯૨ બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું છે.



ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટ દ્વારા સમગ્ર શિક્ષા અભિયાનના ડાયરેકટર ડોકટર રતનકુંવર ગઢવીચારણની શુભેચ્છા મુલાકાત કરવામાં આવી હતી જેમાં સંસ્થાના પ્રમુખ તુલસીભાઈ, માલી સમાજના આગેવાન જગદાન ચારણ, રમેશભાઈ પંચાલ, વિક્રમસિંહ રાજપુરોહિત, દુધાલાલ રબારી વગેરે જોડાયાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં હિન્દી માધ્યમની સરકારી સ્કૂલ ખોલવા માટે ઘણા લાંબા સમયથી રાજસ્થાન સમાજ દ્વારા માંગણી કરવામાં આવી છે.

# મધુર ડેરી પાસે ટેન્કર ચાલકે પાછળથી ટકકર મારતા ઈકોને નુકશાન

ગાંધીનગર શહેરના ક-૫ થી ક-૬ તરફ જવાના માર્ગ પર મધુર ડેરી પાસે ગતરોજ રાત્રીના સમયે બમ્પ આવતા ઈકો ધીમી પડતા પાછળની પુરઝડપે આવી રહેલા ટેન્કરે ટક્કર મારતા ઈકોને નુકશાન થવા પામ્યું હતું. આ અકસ્માતમાં ઈકો કારની ગાડીના પાછળના કાચ, દરવાજો તેમજ સાઈડ લાઈટને નુકશાન પહોંચતા ટેન્કર ચાલક સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ સ્થિત શ્યામા પ્રસાદ મુખર્જી નગર ખાતે એફ ૪૦૨ ખાતે રહેતા ૩૬ વર્ષિય નચિકેતા પ્રમોદભાઈ દવે પરિવાર સાથે રહીને કેટરીંગનો વ્યવસાય કરે છે. ત્યારે કેટરીંગનો વ્યવસાય હોવાથી તેમની પાસે ઈકો કાર નં. જી.જે.૧૮.બી.ઈ.-૫૪૭૩ છે. ઈકો કાર લઈને ફરીયાદી તેમજ તેમના ભાઈ કશ્યપ બંન્ને જણા રાત્રીના સવા આઠ વાગે તલોદથી કુડાસણ ખાતે ઘરે આવી રહ્યા હતા. ત્યારે સવા નવ વાગ્યાના અરસામાં મધુર ડેરી પાસે બમ્પ પાસે ઈકો ધીમી પાડતા પાછળથી ટેન્કર ચાલકે પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ટક્કર મારી હતી. ત્યારે ઈકો સાઈડમાં કરતા ટેન્કર ચાલક નાસી છુટ્યો હતો. ત્યારબાદ બુમાબુમ કરતા ટ્રક સાઈડમાં કરીને ચાલક ઉભો હતો. અને જોયુ તો ઈકો ગાડીના કાચ તેમજ દરવાજાને નુકશાન પહોચ્યું હતું. જયારે પાછળની લાઈટ પણ તુટી ગઈ હતી. ફરીયાદીએ ટેન્કરનો નંબર જોતા જી.જે.૦૨.ઝેડ.ઝેડ.-૧૨૬૧ હતો. ટેન્કર ચાલકને નામ પુછતા તેણે ગોવિંદરામ મોતીલાલ ગુર્જર (રહે વિજાપુર પવન ઈન્ડરસ્ટ્રીઝ ગેસની ફેકટરી મહેસાણા, મુળ રહે વિદાસરગામ જી.ચુરૂ રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. બનાવ અંગે ઈકો કાર ચાલકે ટેન્કર ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે લાયન્સ ક્લબ ફેમિનાનું વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૧૪

‘ગો ગ્રીન પ્રોજેક્ટ’ અંતર્ગત રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ચેરમેન પ્રહર અંજારિયાના નેતૃત્વ હેઠળ ‘ગો ગ્રીન પ્રોજેક્ટ’ શરૂ કરવામાં આવ્યો હતો જે અંતર્ગત ૧૧૦૦ રોપાઓ કેમ્પસમાં અને આજુ-બાજુના વિસ્તારમાં રોપવાનો નિર્ણય લેવમાં આવ્યો હતો અને રથયાત્રાના દિવસે લાયન્સ કલબ ફેમિનાના સભ્યો અને ડીફેન્સ કર્મચારીઓ, ઈજનેરો, બિલ્ડરો, સામાજિક કાર્યકરો અને સમાજના વિવિધ નાગરિકોના સહયોગથી વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં આચાર્ય અનમિકા અંજારિયા, રંગોલી ગ્રુપના ચેરમેન પ્રહર અંજારિયા, ટ્રસ્ટી પ્રણવ સોની અને વાઈસ-પ્રિન્સિપાલ દિપા નિશાદ અને લાયન્સ કલબ ફેમિનાના ૩૦થી વધુ પ્રતિનિધિઓ જેમાં લાયન્સ કલબ જિલ્લા પર્યાવરણ અધ્યક્ષ કે.પી. પ્રજાપતિ, લાયન્સ કલબના પ્રમુખ વૈશાલી જોશી, લાયન્સ કલબના પ્રાદેશિક અધ્યક્ષ મમતા રાવલ, ડિસ્ટ્રિક યોગ અધ્યક્ષ ચંદા યાદવ, અર્ચના દવે અનર ઈવેન્ટ કોઓર્ડીનેટર હરપ્રીત લાંબા વગેરેએ પણ ભાગ લીધો હતો.



# અસહ્ય મોંઘવારીમાં સામાન્ય માનવીને પરિવારનું ગુજરાન કરવું મુશ્કેલ

## જીવનજરૂરી ચીજવસ્તુના ભાવો અંકુશમાં લાવવા ગરવી ગુજરાત પાર્ટીનું જિલ્લા કલેકટરને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૧૪

એક તરફ કોરોના મહામારીના કારણે મોટાભાગના વેપાર-ધંધા લાંબા સમય સુધી બંધ રહ્યા અને હવે માંડ ધીમે ધીમે પાટે ચઢી રહ્યા છે જેના કારણે સામાન્ય નાગરિકની આજીવિકા પર અસર પડવા પામી છે. અસંખ્ય નાગરિકોએ રોજગારી ગુમાવી છે. આ સમયે દેશમાં મોંઘવારીએ પણ માઝા મુકતા સામાન્ય વર્ગની હાલત ‘બાવાના બેય બગડયાં’ ની જેમ કફોડી થવા પામી છે. સતત વધતા જતા ખાદ્યતેલ, પેટ્રોલ, ડીઝલ વેગેરેના ભાવોને કારણે વણસી રહેલી પરિસ્થિતિને અનુલક્ષીને ગરવી ગુજરાત પાર્ટી દ્વારા આજે ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી મોંઘવારી પર નિયંત્રણ સાધવા રજૂઆત કરવામાં આવી હતી.



છેલ્લાં કેટલાક દિવસોથી જીવનજરૂરી ચીજવસ્તુઓ જેવી કે ખાદ્યતેલ, પેટ્રોલ-ડિઝલ, રાંધણ ગેસ તેમજ ખાવાપીવાની દરેક ચીજસ્તુના ભાવો આસમાન જઈ રહ્યા છે. ગરવી ગુજરાત પાર્ટીએ જિલ્લા કલેકટરને આપેલા આવેદનપત્રમાં આ બાબતના ઉલ્લેખ સાથે કોરોના કાળમાં નાગરિકોના પડી ભાંગેલા વેપાર ધંધા તથા છીનવાઈ ગયેલી નોકરીઓનો હવાલો આપતા મોંઘવારીને લીધે સામાન્ય માનવીને પોતાના પરિવારનો ગુજારો કરવો અસહ્ય પડી રહ્યું હોવાનું જણાવ્યું છે. આ સાથે પાર્ટી દ્વારા જિલ્લા કલેકટર સમક્ષ મોંઘવારીને કાબુમાં લેવા માટે પગલાં ભરવા માંગ કરવામાં આવી છે. આ સાથે ગરવી ગુજરાત પાર્ટીના જિલ્લા પ્રમુખ ધર્મેશ ઠાકરની આગેવાનીમાં પાર્ટીના હોદ્દેદારો તથા કાર્યકરોએ જિલ્લા કલેકટર કચેરી ખાતે સુત્રોચ્ચાર કર્યા હતા.

# પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા.૧૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની આરતી સુરેશભાઈ રાવલ ગુજરાત યુનિવર્સિટીની સેમિસ્ટર-૩ વર્ષ ૨૦૨૦-૨૧ની અંગ્રેજી વિષયની પરીક્ષામાં (૮૪.૭૧%) મેળવી સમગ્ર યુનિવર્સિટીમાં અગ્રતાક્રમે ઉત્તીર્ણ થયેલ છે. તદઉપરાંત કોલેજના હોમ સાયન્સ વિષયની વિદ્યાર્થીની મેઘા વિનોદભાઈ સંગાડા (૮૪%), હેમાંગી સુરેશભાઈ પટેલ (૮૨.૫૭%) તેમજ અંજનાબેન અશોકસિંહ ચાવડા (૮૨%) સાથે સમગ્ર યુનિવર્સિટીમાં અવ્વલ આવેલ છે. જેથી સંસ્થાના પ્રમુખ હરિભાઈ ચૌધરી તથા સમગ્ર ટ્રસ્ટીગણ, કોલેજના આચાર્ય, ડૉ. એમ.એમ. ચૌધરી તથા કોલેજ પરિવારે આ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યા છે.

# શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ઔષધીય રોપાનું ફ્રી વિતરણ

ગાંધીનગર, તા.૧૪

શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ, શિક્ષણ પર્યાવરણ અને માર્ગ સલામતીના ક્ષેત્રમાં કાર્યરત છે.

તાજેતરમાં ઔષધીય રોપા વિશે જાગૃતિ અને ફ્રી વિતરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આયુર્વેદના મહત્વ અને ઉપિયોગ વિશે લોકોમાં જાગૃતિ લાવવા માટે ગાંધીનગર ખાતે વિવિધ સોસાયટીમાં આયુર્વેદિક છોડનુ વિતરણ કરવામાં આવ્યું અને લોકોને તેના ઉપયોગ અને મહત્વ વિશે જાણકારી આપવામાં આવી હતી. હાલ ચાલી રહેલા કોરોના ના વાતાવરણમાં લોકો આયુર્વેદના ઉપિયોગને સમજ્યા છે અને તેનો કોર્સ પણ કર્યો છે. લોકો દ્વારા ખુબ સરસ પ્રતિભાવ જોવા મળ્યો હતો અને પોતાના ઘર અંગણામાં અને સોસયટીમાં આયુર્વેદિક છોડ ઉછેરશે અને તેનો ઉપિયોગ કરશે તથા બીજાઓને પણ તેના ફાયદા વિશે જાગૃત કરશે, એવુ પ્રણ લીધુ હતુ.

અત્યાર સુધીમાં પાંચ સોસાયટી સાથે પાર્ટનરશીપ કરી આશરે ૫૦૦ થી વધુ ફ્રી રોપાનું વિતરણ કરવામાં આવ્યુ છે. ગુજરાત મેડિશનલ પ્લાન્ટ બોર્ડ, હાર્ટફુલનેશ સંસ્થા તથા યુનિક સિનર્જી તરફથી આ કાર્યમાં સહયોગ મળેલ છે.



‘દેવાંશી એજ્યુકશન ટ્રસ્ટ’ ગાંધીનગર દ્વારા કોરોનાની મહામારીમાં લોકોમાં સાવચેતીના ભાગરૂપે ‘જાગૃતિ અભિયાન’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટર-૬માં આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારમાં માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ વારંવાર હાથ ધોવાથી મહામારીને માત આપી શકાય છે તેવી માહિતી આપવામાં આવી હતી.

# સરકારી પોલીટેકનીક ગાંધીનગર ખાતે સાપ્તાહિક તાલીમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની સરકારી પોલીટેકનીકના કોમ્પ્યુટર ઈજનેરી વિભાગ દ્વારા તા. ૫ થી ૯ જુલાઈ, ૨૦૨૧ દરમિયાન અટલ એકેડમી પ્રાયોજીત **“Machine Learning Concepts with Python”** વિષય પર ઓનલાઈન ફેકલ્ટી ડેવેલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ રાજ્યોના ૧૪૧ અધ્યાપકો/પ્રાધ્યાપકોએ સક્રિય ભાગ લીધો હતો. નેશનલ લેવલના આ કોમન સમારોહનું ઉદઘાટન તા. ૫ જુલાઈ, ૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે કરવામાં આવ્યુ હતું જેમાં ચીફ ગેસ્ટ તરીકે પ્રોફ. નિલેશકુમાર જૈન, ડાયરેક્ટર આઈ. આઈ. ટી ઈન્દોર અને ગેસ્ટ ઓફ ઓનર તરીકે એઆઈસીટીઈ નાં ચેરમેન પ્રોફ. અનિલ ડી. સહાસ્ત્રબુધ્ધે હાજર રહ્યા હતા. તા. ૫ જુલાઈ, ૨૦૨૧નાં રોજ આખા દેશમાં એક જ દિવસે ૭૨ ઓનલાઈન ફેકલ્ટી ડેવેલોપમેન્ટ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યા હતા.

આ રાષ્ટ્રીય કાર્યક્રમમાં આખા દેશમાંથી અલગ-અલગ ૧૭ રાજ્યોનાં અધ્યાપકો/પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમનો હેતુ પાયથોન લેંગ્વેજનો ઉપયોગ કરીને મશિન લર્નિંગના કન્સેપ્ટ્સ ઉપર તાલીમ આપવાનો હતો. **TCS-ION** ના તકનીકી નિષ્ણાંત તેમજ કોમ્પ્યુટર ઈજનેરી વિદ્યાશાખાના ૧૦ તજજ્ઞોએ સતત ૫ દિવસ સુધી તાલીમાર્થીઓ સાથે તેઓનું નોલેજ શેર કર્યું હતું.. ટેકનીકલ નોલેજ ઉપરાંત ઈન્ડીયન નોલેજ સિસ્ટમ વિષે પણ એક સેશન રાખવામાં આવેલ હતો.

ઓનલાઈન તાલીમનું સમગ્ર આયોજન સંસ્થાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કોમ્પ્યુટર ઈજનેરી વિભાગ દ્વારા કરવામાં આવ્યું તેમજ આ તાલીમ માટે આયોજન થી લઈને અંત સુધી ઓનલાઈન ફેકલ્ટી ડેવેલોપમેન્ટ પ્રોગ્રામને સફળ બનાવવા માટે કોમ્પ્યુટર વિભાગ દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા.




ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં ઓનલાઈન **orange day** ઉજવવામાં આવ્યો હતો જેમાં બાળકોએ ઓરેન્જ કલરના કપડાં પહેરી તેમજ ઓરેંજ કલર ના પેપરથી પેપર ક્રાફટ એક્ટિવિટી કરી પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

# ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. સોલંકી પરષોત્તમભાઈ ફુદાભાઈ, ઉ.વ. ૭૭, સેકટર-૫
- સ્વ. ઠાકોર શકરીબેન મગાજી, ઉ.વ. ૯૬, બોરીજ
- સ્વ. ચૌહાણ સુબાજી નાગજીજી, ઉ.વ. ૬૦, બ.કાં.